આંક–૭

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૩/૧૧/૨૦૨૨ |
| દાખલ તારીખ | ૦૩/૧૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ૦૩ માસઃ૦૪ દિનઃ૦૪ |

**<u>મે.મજૂર અદાલત,સુરતના ઓથોરીટી અન્ડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ</u>**

**<u>શ્રી.એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ.</u>**

**પગારધારા(પરચુરણ) અરજી નં.૦૯/૨૦૨૨**

**અરજદાર – કૃષ્ણકુમાર જગદીશ મહતો,ઉ.આ.વ.–૫૦**
રહે.પ્લોટ નં.૫૪,શીવશકિત ધામ,શીવ નગરની પાછળ,તલંગપુર,સચીન,સુરત–૩૯૪૨૩૦

**<u>વિરુધ્ધ</u>**

**સામાવાળા – હરીઓમ ઈન્જીન્યરીંગ**
**(માલિકશ્રી–શંભુ ભગત)**
ઠે.પ્લોટ નં.૩૩૦,ગણપત નગર,ગોવાલક બમરોલી રોડ,પાંડેસરા, સુરત–૩૯૫૦૨૩

<u>હાજર રહ્યા</u> – અરજદાર તર્ફે –વિ.પ્ર.શ્રી.રવિન્દ્રભાઈ ઓક
સામાવાળા તર્ફે–કોઈ હાજર નથી.

**<u>– ચુકાદો –</u>**

(૧) આ કામના અરજદારે પગાર ધારાની કલમ ૧૫(૨) મુજબની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે હાલની પરચુરણ અરજી દાખલ કરેલ છે.અરજદારની અરજી વિગત જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે,

અરજદારને સામાવાળાને ત્યાં તા.૨૩/૩/૨૦૨૦ ના રોજ ચાલુ નોકરી પર કામ કરતા હતા ત્યારે સામાવાળાની સુચના મુજબ અરજદારને કોઈપણ કારણ આપ્યા વગર સામાવાળા સંસ્થાના માલિકશ્રી શંભુભાઈ ભગતે ફકત મૌખિક હુકમથી તેઓને કાયમી નોકરીમાંથી કાઢી નાખેલ અને નોકરીમાંથી કાઢતી વખતે તેઓના ત્રણ મહિના અને ૨૩ દિવસના બાકી પગાર પણ સામાવાળાને આપેલ નહી.ત્યારબાદ અનેકવાર અરજદારે

સામાવાળા સંસ્થાના માલિકશ્રી શંભુભાઇ ભગત પાસે તેઓના બાકી પગારની માંગણી કરેલી પરંતુ સામાવાળાએ તે આજદીન સુધી આપેલ નથી.વધુમાં જણાવેલ છે કે,અરજદારને તા.૨૩/૦૩/૨૦૨૦ ના રોજ કામ પરથી કાઢી નાખવામાં આવેલ અને તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજથી કોરોના મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ જે લગભગ આશરે દોઢેક વર્ષ સુધી ચાલેલ અને તે સમયે કોર્ટની કામગીરી પણ બંધ હતી જેથી તેઓએ પેમેન્ટ ઓફ વેજીસના કાયદાની જોગવાઇઓ મુજબની સમય મર્યાદામાં સદર કેસ દાખલ કરી શક્યા ન હતા.લોકડાઉન પછી અરજદારે સામાવાળા સંસ્થાના માલિકને તેમના ખાતામાં બાકી પગારના નાણાં જમા કરવા માટે રજુઆત કરેલી પરંતુ તેઓના બાકી પગારના નાણાં તેમના ખાતામાં જમા કરાવેલ નહી.ત્યારપછી અહીંયા લોકડાઉનના કારણોસર બધા જ કામ ધંધાઓ બંધ થઇ ગયેલા હતા જેથી અરજદાર તેમના વતન બિહાર ચાલ્યા ગયા હતા જે લોકડાઉન અને ત્યારપછી પારિવારીક કારણોસર તેઓ અહીં આવી શકયા નહી જેથી આ કેસ કરવામાં વિલંબ થયેલ છે.આમ,ઉપરોકત કારણોસર અરજદારને સદર કેસ દાખલ કરવા માટે વિલંબ થયેલ છે.સબબ સદર થયેલ વિલંબને દરગુજર કરી આ સાથે જે પેમેન્ટ ઓફ વેજીસ કાયદા હેઠળની તેઓના બાકી પગાર સામાવાળા પાસેથી મેળવવા માટેનો કેસ છે તે દાખલ કરી લેવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામમાં સામાવાળાને આંક-૩ થી નોટીસની બજવણી થવા છતાં હાજર નહી રહેતા સદર કામે મારા પુરોગામીશ્રીએ પ્રોસીડીંગ લગત સામાવાળાનો જવાબનો હકક બંધ કરેલ છે.વધુમાં સદર કેસનું રેકર્ડ વંચાણે લેતાં આ કામે ફરીથી અરજદાર તથા સામાવાળાને અનુક્રમે આંક-૪ તથા ૬ થી નોટીસો કરવામાં આવેલ પરંતુ બંને પક્ષકારો તર્ફેથી અત્રેની કોર્ટ સમક્ષ કોઇ હાજર રહેલ નથી.જેથી સદર કામે બંને પક્ષકારોની મૌખિક દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત હકીકતે મારી સમક્ષ કેસની હકીકતો અને પ્લીડીંગ્સ જોતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(P.T.O)

**– મુદ્દાઓ –**

(૧) શું અરજદારની પગાર ધારાની કલમ ૧૫(૨) મુજબની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવો જોઇએ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**– નિર્ણયો –**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

**– કારણો –**

**મુદ્દા નં.(૧) –**

આ કામમાં અરજદાર તરફેથી હાલની અરજી તેઓના બાકી પગાર સંદર્ભે પગાર ધારા ચુકવણી અધિનિયમ ૧૯૩૬ ની કલમ ૧૫(૨) મુજબ કરવાની થતી અરજીમાં થયેલ વિલંબ માફ કરવા માટે કરેલ છે.અરજદારના કથન સામાવાળા સંસ્થાના માલિકશ્રી શંભુભાઇ ભગતે તેઓને તા.૨૩/૩/૨૦૨૦ ના રોજ ચાલુ નોકરી પર કામ કરતા હતા ત્યારે કોઇ પણ કારણ આપ્યા વગર ફકત મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી નાખેલ અને નોકરીમાંથી કાઢતી વખતે તેઓનો ત્રણ મહિના અને ૨૩ દિવસના બાકી પગાર પણ આપેલ નહી અને સવિશેષ કોરોનાની મહામારીના કારણોસર અરજદાર પેમેન્ટ ઓફ વેજીસના કાયદાની જોગવાઇ મુજબ સમયમર્યાદામાં કેસ દાખલ કરી શક્યા ન હતા તેવી મુખ્ય રજુઆત કરેલ છે અને અરજદારની અરજીની હકીકતોનું સામાવાળાએ કોઇ વાંધા જવાબ રજૂ કરી ખંડન કરેલ નથી તેમજ અરજદારે ત્રણ મહિના અને ત્રેવીસ દિવસનો બાકી પગાર હોવાનું કથન કરેલ છે,ત્યારે અરજદારનો તે માસથી સતત પગાર બાકી હતો કે કેમ? તે પણ પુરાવો લીધા પછી જ નકકી થઇ શકે તેવા પ્રકારની હકીકત છે.વધુમાં હાલની વિલંબ માફ કરવાની અરજી અંગે ચર્ચા કરવામાં આવે તો પગાર ધારાની કલમ ૧૫(૨) નો પ્રથમ પ્રોવાઇઝો જોવામાં આવે તો જયારે પગારમાંથી કોઇ રકમ નિયમ વિરુધ્ધ કપાત કરેલ હોય અથવા પગાર

વિલંબથી ચુકવવામાં આવેલ હોય તો તે તારીખથી ૧૨ માસથી અંદર તે સંદર્ભેની અરજી ઓથોરીટી સમક્ષ કરવાની થાય છે.અરજદારને નોકરીમાંથી છુટા કર્યા તા.૨૩/૦૩/૨૦૨૦ પહેલા ત્રણ મહિના અને ૨૩ દિવસ સુધીનો બાકી પગાર હોવાનો કથન કરેલ છે.તે સંજોગોમાં અરજદારની અરજી વિલંબથી રજૂ કરવામાં આવેલ છે.વધુમાં કલમ ૧૫(૨) નો બીજો પ્રોવાઇઝો જોવામાં જો આવે તો જો અરજદાર ઓથોરીટીને એવો સંતોષ કરાવે કે તેઓની અરજી ૧૨ માસની સમય મર્યાદામાં દાખલ નહીં કરવા માટે તેમની પાસે પુરતું કારણ હતુ,તો તેવી અરજી ૧૨ માસના સમય પછી પણ દાખલ લઇ શકાશે તેવી જોગવાઈ કરેલ છે.આ કામમાં એ હકીકત બાબતે કોઈ શંકા નથી કે સને ૨૦૨૦ ની શરૂઆતથી કોવિડ–૧૯ પેન્ડેમીક શરૂ થયેલ અને માર્ચ–૨૦૨૦ ના અંતમાં  સમગ્ર દેશમાં બે માસ ઉપરાંતનો સમય લોક ડાઉન થયેલ અને ત્યારપછી પણ કોર્ટોની ફીઝીકલ કાર્યવાહી લગભગ એક વર્ષ જેટલો સમય બંધ રહેલ અને ત્યારપછી પણ વખતો વખત કોરોની સેકન્ડ વેવ અને થર્ડ વેવના કારણે કોર્ટની ફીઝીકલ કાર્યવાહીઓ બંધ રહેવા પામેલ છે.નામદાર સુપ્રીમ કોર્ટે પણ કોવિડ–૧૯ પેન્ડેમીક અનુસંધાને કાયદામાં સુચિત કરેલ સમયમર્યાદા ધ્યાને ન લેવા અને સમયમર્યાદા એકસટેન્ડ થયેલ હોવાનું ગણવા અંગેના સ્યુ  મોટો હુકમો કરેલા છે.હાલના અરજદારે કોરોનાની મહામારીના કારણોસર સદર કેસ સમયમર્યાદામાં દાખલ કરી શકેલ ન હતા.તે તાત્કાલીક અરજી કરવાની કાર્યવાહી કે પ્રક્રિયા કરી શકે નહીં તે પણ સમજી શકાય તેવી બાબત છે.ત્યાર હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં જે વિલંબ થયેલ છે,તે આ તબકકે માફ કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.હાલના કેસના વિવાદનો ન્યાયીક ઉકેલ લાવવા માટે કેસને ગુણદોષ ઉપર ચલાવવો જરૂરી હોય અને તે સંજોગોમાં વિલંબ માફ કરવાનું ન્યાયોચિત જણાતું હોય,તેથી અરજદારની પગાર ધારાની કલમ ૧૫(૨) હેઠળની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય,જેથી મુદ્દા નં.(૧) નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં.(૨) સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

(P.T.O)

**– હુકમ –**

અરજદારની હાલની વિલંબ માફ કરવાની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

અરજદારની પગાર ધારાની કલમ ૧૫(૨) મુજબની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવામાં આવે છે.વધુમાં હાલની વિલંબ માફ કરવાની અરજી સાથે અરજદારે રજૂ કરેલ કલમ ૧૫(૨) મુજબની અરજી સાથે અરજદારે રજૂ કરેલ કલમ ૧૫(૨) મુજબની અરજી રજીસ્ટરે લઇ દાખલ લેવાનો હુકમ કરવામાં આવે છે.વધુમાં સદરહું અરજી દાખલ થયા બાદ તે સંદર્ભે પક્ષકારોને મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજની નોટીસ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

લેબર કોર્ટ,સુરતની રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ)નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઇ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તા.૦૭ મી,માહે–માર્ચ,સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી–સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
સુરત

**(હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)**
ઓથોરીટી,
વેતન ચુકવણી અધિનીયમ,
મજુર અદાલત નં.૨, સુરત
(CODE NO.GJ01279)